## જાહેરાત

### કાયદા અધિકારીની એક જગ્યા ૧૧ માસ માટે કરાર આધારિત ભરવા બાબત.

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી માટે કાયદા અધિકારીની સેવાઓ કરાર આધારિત ૧૧ માસ માટે ઉચ્ચક મહેનતણાથી લેવાની હોવાથી આ જગ્યા પર જોડાવા માંગતા ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

**જગ્યાનું નામ :- કાયદા અધિકારી, કુલ જગ્યા ૦૧, ઉચ્ચક મહેનતાણું પ્રતિમાસ રૂ.૨૫,૦૦૦/-**

- જગ્યાની ઉમેદવારી માટેની મુળભૂત લાયકાત માન્ય યુનિવર્સીટીના કાયદા સ્નાતક કે તે ઉપરની પદવી રહેશે.
- જગ્યા માટેની વિગતવાર લાયકાત, ઉંમર, અનુભવ તેમજ અન્ય વિગતો તથા નિયત અરજી ફોર્મ આ ખાતાની વેબસાઈટ www.sje.gujarat.gov.in/ddcw/ પર ઉપલબ્ધ છે. જાહેરાત મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનામાં તા.૧૧/૧૧/૧૬ સુધીમાં મળી જાય તે રીતે અરજી ફકત રજી.એ.ડી.થી કરવાની રહેશે.

(કે.જી.વણઝારા)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

/ .

(વેબસાઇટમાં મુકવાની જાહેરાત)

## જાહેરાત

**કાયદા અધિકારીની એક જગ્યા ૧૧ માસ માટે કરાર આધારિત ભરવા બાબત.**

નિયામક વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી માટે કાયદા અધિકારીની સેવાઓ કરાર આધારિત ૧૧ માટે ઉચ્ચક મહેનતાણાથી લેવાની હોવાથી આ જગ્યા પર આવવા માંગતા ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

જગ્યાનું નામ :- કાયદા અધિકારી, કુલ-૦૧, ઉચ્ચક મહેનતાણું પ્રતિમાસ –રૂ.૨૫૦૦૦/-

**જગ્યાની ઉમેદવારી માટેની લાયકાત અને અનુભવ નીચે મુજબ છે.**

૧ કેન્દ્ર અથવા રાજ્યના કાયદા હેઠળ સ્થપાયેલ યુનિવર્સીટીના અથવા યુ.જી.સી.એકટ -૧૯૫૬ હેઠળ જાહેર થયેલ ડીમ્ડ યુનિવર્સીટીના કાયદાના સ્નાતક /અનુસ્નાતકએ તેનાથી ઉપરની પદવી ધરાવતા હોવા જોઇએ અને સનદ રજૂ કરવાની રહેશે.

૨ ઉપલી વયમર્યદા ૫૫ વર્ષ રહેશે. એટલે કે ૫૫ વર્ષ વય સુધીના ઉમેદવારો અરજી કરી શકશે.

૩ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધાયેલ (એનરોલમેન્ટ) હોવાનું પ્રમાણપત્ર કે આધાર વકીલ માટે જરૂરી રહેશે.

૪ ગુજરાતી અને અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ અનિવાર્ય રહેશે.

૫ કોમ્પ્યુટરનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઇશે.

૬ નામદાર ગુજરાત હાઇકોર્ટ / જિલ્લા કોર્ટમાં એડવોકેટ તરીકે ઓછામાં ઓછા પાંચ વર્ષથી સક્રિય હોવા જોઇશે.

૭ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ પછાત વર્ગોની અનામત નિતી, જાતિ પ્રમાણપત્ર, ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના અનુદાન, સર્વિસ મેટર્સ, માન્યતા અંગેના કેસોનો અનુભવ ધરાવતા કાયદા નિષ્ણાતના અનુભવને તેમજ સીવીલ કેસના કાયદા નિષ્ણાતને, સંજોગો અનુસાર અગ્રતા આપવામાં આવશે.

૮ અનુભવની બાબતમાં સંજોગો અનુસાર વિભાગીય સમિતિ છુટછાટ પણ મુકી શકશે.

**શરતો :-**

૧. અરજી પત્રક સાથે રૂ.૨૫૦/- નો ડીમાન્ડ ડ્રાફટ, હિસાબી અધિકારી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના નામનો મોકલવાનો રહેશે.

૨. સંપુર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી તમામ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલ સાથે જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી તા.૧૧/૧૧/૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં ૪ ત્રીજોમાળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગુ.રા., ગાંધીનગરના સરનામે રજી.એ.ડી. થી મોકલી આપવાની રહેશે. (કોઇ પણ સંજોગોમાં અરજી રૂબરૂ સ્વીકારવામાં આવશે નહિં)

૩. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોનું મૌખિક ઇન્ટરવ્યુ અને ઉમેદવારોની પસંદગી કરવાની તમામ સત્તાઓ વિભાગીય સમિતિને રહેશે.

૪. લાયક ઉમેદવાર ન મળવાના કિસ્સામાં આ પસંદગી પ્રક્રિયા બંધ કરવાની તેમજ ફરી જાહેરાત પ્રસિધ્ધ કરી કાર્યવાહી કરવાની વિભાગીય સમિતીને સત્તા રહેશે તેમજ આ પ્રક્રિયા બાબતે આખરી નિર્ણય લેવાનો સમિતિનો અબાધિત અધિકાર રહેશે.

૫. આ જગ્યા ઉપર નિમણૂંક માટેનું મેરીટ નીચેની પધ્ધતિ અનુસાર કરવામાં આવશે.

| ક્રમ | લાયકાત | ગુણનો ભાર |
|---|---|---|
| (૧) | કાયદા સ્નાતકની પદવીમાં મેળવેલ ટકાવારીના આધારે ૪૦ % વેઈટેજ મુજબ ગુણ ફાળવવા (મહત્તમ ૪૦ ગુણ) | મેળવેલ ટકા X ૪૦/૧૦૦ |
| (૨) | કાયદા અનુસ્નાતક/પી.એચ.ડી. (કાયદા સ્નાતક કરતા વધારાની ફક્ત LAW ને લગતી લાયકાત માટે) જે લાયકાતમાં વધુ ટકાવારી હોય તે મેળવેલ ટકાવારીના આધારે ૧૫ % ના વેઈટેજ મુજબ ગુણ ફાળવવા (મહત્તમ ૪૦ ગુણ) | મેળવેલ ટકા X ૧૫/૧૦૦ |
| (૩) | એક વર્ષના અનુભવ માટે ૦૧ ગુણ લેખે (મહત્તમ ૩૦ ગુણની મર્યાદામાં તેમજ અપુર્ણાંકના કિસ્સામાં ૬ માસથી વધુ હોય તો ગુણ ફાળવવો) અનુભવ બાબતે હાઈકોર્ટ કે તેથી ઉપરની કોર્ટમાં ધારાશાસ્ત્રી તરીકેનો એટલે કે વકીલાતનો પ્રત્યક્ષ અનુભવ જ ધ્યાને લેવામાં આવશે તેમજ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં નોંધણી તારીખથી અનુભવની ગણતરી કરવામાં આવશે. | મહત્તમ ૩૦ ની મર્યાદામાં |
| (૪) | મૌખિક ઈન્ટરવ્યુ (તેમાં પર્સનાલીટી, સર્વિસ મેટર, અન્ય પછાત વર્ગો માટેની બંધારણીય જોગવાઈઓ, અન્ય પછાત વર્ગો/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો, નોનક્રિમીલેયર પ્રમાણપત્રો અંગેના ભારત સરકાર તથા રાજ્ય સરકારના નિતી – નિયમો, માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫, ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ-૨૦૧૩, પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ (POCSO Act) ૨૦૧૨, રાઈટ ટુ એજ્યુકેશન એકટ, લેબરલોની જાણકારી વગેરે બાબતોનો સમાવેશ મુખ્યત્વે કરવામાં આવશે.) | ૧૫ ગુણ |
| | **કુલ ગુણ** | **૧૦૦** |

૬. આ જગ્યા પર નિમણૂંક થયેથી ફરજ દરમ્યાન કરેલ ગંભીર બેદરકારી, ગેરવર્ણૂંક કે કપટના કિસ્સામાં તેવા કાયદા અધિકારીશ્રી સામે તેમની નિમણૂંકની સમાપ્તિ થયા પછી પણ નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ, કાનુની પગલાં લઈ શકશે.

(કે.જી.વણઝારા)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# કાયદા અધિકારીની કરાર આધારિત જગ્યા માટેનું અરજી ફોર્મ.

તાજેતરમાં પડાવેલ
પાસપોર્ટ સાઈઝનો
ફોટો (સ્વપ્રમાણિત)

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
બ્લોક નં.૪/૩,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૧. પુરેપુરૂ નામ (અટક પ્રથમ લખવી) :
૨. પત્ર વ્યવહારનું સરનામું – (ગુજરાતીમાં) :
૩. ટેલિફોન/મોબાઈલ નંબર :
૪. ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર :
બેંકનં નામ/શાખા :
૫. રાષ્ટ્રીયતા : :
૬. જન્મ તારીખ (એલ.સી.મુજબ) :
૭. તા..../..../૨૦૧૬ ના રોજ ઉંમર : વર્ષ......માસ......દિવસ.......
૮. જ્ઞાતિ :
૯. જાતિ (Gender) : પુરૂષ/સ્ત્રી :
૧૦. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધણી કરાવ્યા તારીખ અને નંબર :
૧૧. શૈક્ષણિક લાયકાત (Educational Qualification)

| | | Board/University | Year of Passing | Percentage | Class |
|---|---|---|---|---|---|
| 1 | Gradute degree in Law | | | | |
| 2 | Master Degree in Law | | | | |
| 3 | Ph.D in Law | | | | |

૧૦. અનુભવ :- (Experience) (બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધણી થયા તારીખથી અનુભવ ગણતરીમાં લેવો)

| | Name of / Firm | Period | |
|---|---|---|---|
| 1 | | From | To |
| 2 | | | |

ઉપર દર્શાવેલ તમામ વિગતો સંપૂર્ણપણે સાચી છે અને મેં જાતે માહિતી ભરેલ છે. તેમાં દર્શાવેલ માહિતી અપુર્ણ / ખોટી હોવાના કારણે હું ગેરલાયક ઠરૂ તો ઉમેદવારી માટેનો હક દાવો ગુમાવીશ અને તેની અંગત જવાબદારી મારી પોતાની રહેશે તેની હું લેખિત ખાતરી આપું છું. જો માહિતી ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

(ઉમેદવારની સહી)

સ્થળ :-
તારીખ :-

➢ ઉમેદવારે અરજી સાથે અરજીમાં દર્શાવેલ તમામ પ્રમાણપત્રોની જાતે પ્રમાણિત (સ્વ-પ્રમાણિત) કરેલ ઝેરોક્ષ નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે.

(૧) રૂ.૨૫૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ (અસલમાં)

(૨) કાયદા સ્નાતકના અંતિમ વર્ષનું ગુણપત્રક તથા ડીગ્રી પ્રમાણપત્ર

(૩) બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં નોંધણી અંગેનું પ્રમાણપત્ર તથા અનુભવના પ્રમાણપત્રો

(૪) કાયદા અનુસ્નાતકના અંતિમ વર્ષનું ગુણપત્રક તથા ડીગ્રી પ્રમાણપત્ર

(૫) પી.એચ.ડી.(કાયદામાં) ગુણપત્રક તથા ડીગ્રી પ્રમાણપત્ર

(૬) જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા એસ.એસ.સી.ઈ.બોર્ડ અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય.

(૭) મહિલા ઉમેદવારના કિસ્સામાં અરજીમાં પતિનું નામ દર્શાવેલ હોય તો લગ્નના પુરાવા અંગેની ગેઝેટની નકલ/લગ્ન નોંધણી પ્રમાણપત્ર અથવા એફિડેવીટ.

(૮) ચૂંટણી કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ કે અન્ય કોઈ એક ફોટાવાળા ઓળખપત્રની નકલ.

(૯) જ્ઞાતિ અંગેનો આધાર

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની વડી કચેરી ખાતે
કોર્ટ કેસોની કામગીરી માટે લીગલ ઓફીસરની એક જગ્યા
ઉભી કરવાની નવી બાબતી વર્ષ૨૦૧૬-૧૭ રૂ.૩.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃમકમ/૧૧૨૦૧૫/૮૪૨૩૮૬/અ
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૬/૪/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૧/૧૨/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ વિજાક/ મકમ/ ૨૦૧૫-૧૬/૨૪૬૧

ઠરાવઃ-

વંચાણ હેઠળના ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૧/૧૨/૨૦૧૫ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના કોર્ટ કેસોની કામગીરી માટે લીગલ ઓફીસરની એક જગ્યા ઉભી કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગર ખાતે કોર્ટ કેસોની કામગીરી માટે લીગલ ઓફીસરની એક જગ્યા માસિક રૂ.૨૫,૦૦૦/- ના ફીકસ પગારથી ૧૧ માસના કરારના ધોરણે લેવા અંગેની વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૩.૦૦ લાખ(અંકે રૂપિયા ત્રણ લાખ પુરા)ની નવી બાબતને નીચેની શરતોએ આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

નિયામક વિકસતી જાતિ કલ્યાણ,ગુ.રા. ગાંધીનગર
28 APR 2016
શાખા.........
૨૧૨

૨૭/૪/૧૬
૫૭૫૮

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ જગ્યા પર જો નિવૃત્ત અધિકારી/કર્મચારીને કરાર આધારિત નિમણૂંક આપવાની હોય તો સા.વ.વિ.ના તા.૧૫/૩/૨૦૧૨ના ઠરાવની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે અને જે તે સમયે પ્રવર્તમાન નીતિ અનુસાર આવી નિમણૂંક કરવાની રહેશે.

(૭) કરાર આધારિત નિમણૂંકના હુકમમાં નીચેની શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧) શ્રી.......... ને કરારના સમયગાળા દરમ્યાન રૂ.૨૫,૦૦૦/- નો માસિક ફીક્ષ પગાર મળશે. તેઓની નિમણૂંક કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત ૧૧ માસની રહેશે.

(૨) ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસના ફીકસ પગારની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

(૩) નિયત ફીક્ષ પગાર પર કોઇ પણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

(૪) કરારના સમયગાળા દરમ્યાન શ્રી..... ને ફીક્ષ પગારમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અ'નય કોઇ લાભો મળવાપાત્ર થશે નહી.

(૫) કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહી.

(૬) કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/નોકરી પેન્શન, બોનસ, એલટીસી,એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અનય કોઇ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહી.

(૭) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાની ફીકસ પગારની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા લાભ એકસગ્રસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

(૮) શ્રી...... ને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટ ટાઇમ નોકરી કરી શકાશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકાશે નહી.

(૯) શ્રી..... ને કરારના સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે. મહીલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

- માન. રા.ક.મંત્રીશ્રી(સાશૈપવ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સા.ન્યા. અને અ.વિ., ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.) સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ શાખા/ ના.સે.અધિ.શ્રી

**નં. વિજાક/મકમ/૨૦૧૬-૧૭/ ૭૩૦**
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
ફોન નં. ૨૩૨૫૩૨૪૫ થી ૫૩,ફેકસ નં ૨૩૨૫૩૨૪૬
e.mail;dire -dcw@gujarat gov. in
તા. ૩ /૫/૨૦૧૬

**નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે,**

(૧) નાયબ નિયામકશ્રી / શાખાધિકારીશ્રી, વડી કચેરી, ગાંધીનગર તમામ
(૨) જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) તમામ

નાયબ નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૧૦) શ્રી......એ કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

(૧૧) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇ પણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૧૨) સરકારશ્રી તરફથી વહીવટી હીતમાં બીજી કોઇ જરૂરી શરતો નકકી થાય તે બંધનકર્તા રહેશે.

(૧૩) વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

(૧૪) નિમણૂંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ સરકારી સેવા બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઇ જવાબદારી રહેશે નહી.

(૧૫) કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઇ હકક પ્રાપ્ત થશે નહી.

(૧૬) ઉપરોકત શરતો નિમણૂંક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્રક મેળવવાનું રહેશે.

(૧૭) આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રીયા અનુસરીને જ કરવાની રહેશે. અને નિયત અરજીપત્રકમાં શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧૮) આ કરાર આધારિત ફરજ ઉપર જોડાતા પહેલા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માગણી ક્રમાંકઃ૯૨, મુખ્ય સદરઃ૨૨૨૫ અનુ.જાતિ, અનુ.જનજાતિ અને અન્ય પછાત વર્ગનું કલ્યાણ, ગૌણ સદર-૦૦૧ નિર્દેશ અને વહીવટ, પેટા સદર-૦૩ બીકેસી-૧૨૭ સા.શૈ.પ.વર્ગો માટે નિયામકની અલગ કચેરી ની સ્થાપના હેઠળ વડી કચેરી ખાતે કોર્ટ કેસોની કામગીરી માટે લીગલ ઓફીસરની એક જગ્યા ઉભી કરવા માટે હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાવિભાગ ની તા.૧૯/૪/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

(એસ.જે.પરમાર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય,ગાંધીનગર